Accredited Grade "B" by NAAC

# SAURASHTRA UNIVERSITY
**EXAM SECTION - 02**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2576511 Ext. No. 734-301 / FAX No.: (0281) 2586411
E-mail Id: exam02@sauuni.ac.in

**પ રિ પ ત્ર:-**

**વિષય:- C.B.C.S. (ચોઈસ બેઇઝ ક્રેડીટ સિસ્ટમ) પધ્ધતિ અંતર્ગત લેવાની થતી રેમેડીયલ યુ.જી. સેમ-૦૫ તથા પી.જી. સેમ-૦૩ની પ્રેક્ટીકલ/વાઈવા પરીક્ષાઓ લેવાની તથા તેના ગુણની ઓનલાઈન એન્ટ્રી કરવા અંગે.**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સલગ્ન કોલેજના આચાર્યશ્રી/યુનીવર્સીટી સ્થિત અનુ.ભવનના અધ્યક્ષશ્રીઓ/સબંધિત અનુ. સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, C.B.C.S. (ચોઈસ બેઇઝ ક્રેડીટ સિસ્ટમ) પધ્ધતિ અંતર્ગત લેવામાં આવેલ રેમેડીયલ યુ.જી. સેમેસ્ટર-૫ તથા પી.જી. સેમ-૦૩ની પરીક્ષાના પ્રેક્ટીકલ/વાઈવા સ્થાનિક કક્ષાએ લઇ તેમના ગુણની એન્ટ્રી કરવાની રહેશે. આ માટે પ્રાયોગિક પરીક્ષા ગોઠવવાની તથા તેમની ઓનલાઈન એન્ટ્રી પ્રારંભ થવાની તારીખ તેમજ પૂર્ણ થવાની તારીખ નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| પ્રારંભ થવાની તારીખ | ૧૬/૦૬/૨૦૨૨ | પૂર્ણ થવાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૨ |

**પરીક્ષાર્થીઓની પ્રાયોગિક/પ્રોજેક્ટ વાઈવા પરીક્ષા કોલેજ કક્ષાએ (સ્થાનિક ધોરણે) સૌરાષ્ટ્ર યુનીવર્સીટી માન્ય અધ્યાપકની નિમણુક કરી ઉપર દર્શાવેલ દિવસો દરમ્યાન તમામ આચાર્યશ્રી/યુનીવર્સીટી સ્થિત અનુ.ભવનના અધ્યક્ષશ્રીઓ/સબંધિત અનુ. સંસ્થાઓના વડાઓ દ્વારા ગોઠવવાના રહેશે. અને તેની જાણ કોલેજના પરીક્ષાર્થીઓને કરવાની રહેશે.**

**અગત્યની સુચનાઓ :**

(૧) ઉપર્યુક્ત છેલ્લી તારીખ બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટવેર પ્રોગ્રામ સ્વીકારશે નહી, જે ધ્યાને લેવા વિનંતી છે.

(૨) પ્રાયોગિક/વાઈવા પરીક્ષાના માર્કસની એન્ટ્રી પૂરી થયા બાદ કોલેજ/ભવન/ અનુ.સંસ્થાએ ચેકલીસ્ટની પ્રિન્ટની ખરાઈ કરી લેવાની રહેશે, છેલ્લી તારીખ બાદ સુધારો શક્ય બનશે નહી.

(૩) પ્રાયોગિક/વાઈવા પરીક્ષાના માર્કસની એન્ટ્રી પૂર્ણ થયા બાદ જો કોઈ ભૂલ હોય તો જરૂરી સુધારો કરી, ચેક લીસ્ટની પ્રિન્ટ કાઢી તેની ખરાઈ કરી તેમાં કોલેજ/ભવન/અનુ.સંસ્થાના વડાએ સહી-સિક્કા સાથે સર્ટીફાઇડ કરીને કોલેજ/ભવન/અનુ.સંસ્થાના રેકોર્ડ ઉપર રાખવાની રહેશે. યુનિવર્સિટીને જરૂર જણાય તો મંગાવે ત્યારે કોલેજ/ભવન/અનુ.સંસ્થાનાવડાના સહી સિક્કા સાથેની નકલ પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે.

(૪) કોલેજના આચાર્યશ્રી/યુનીવર્સીટી સ્થિત અનુ.ભવનના અધ્યક્ષશ્રીઓ/સબંધિત અનુ. સંસ્થાઓના વડાઓ દ્વારા ગોઠવાયેલ ઉપયુક્ત પરીક્ષાઓના કાર્યક્રમની બે નકલ તેમજ આચાર્યશ્રી દ્વારા પ્રાયોગિક પરીક્ષામાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટી શૈક્ષણીક માન્યતા પ્રાપ્ત પરીક્ષકોને અપાયેલ નિમણુંકના ઓર્ડરની એક નકલ પ્રાયોગિક પરીક્ષા શરુ થયાના ૦૩ દિવસ પહેલા પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટને મોકલી આપવાની રહેશે..

(૫) પ્રાયોગિક/વાઈવા પરીક્ષાના ગુણની એન્ટ્રી દરમ્યાન કોલેજ/ભવન/અનુ.સંસ્થાનાવડાને USER NAME તથા PASSWORD અપાયેલ છે તેનો જ ઉપયોગ કરવો અને તે માહિતી લીક ના થાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજ/ભવન/અનુ.સંસ્થાના વડાની રહેશે જે વિદિત થાય.

**ઉપર મુજબની જાણ કોલેજ/ભવન/અનુ.સંસ્થાના સબંધિત સર્વેને કરવાની રહેશે અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.**

**નં./પરીક્ષા/૦૨/૧૫૮૮/૨૦૨૨ તા. ૧૩/૦૬/૨૦૨૨**

**પરીક્ષા નિયામક**

**પરીક્ષા વિભાગ-૦૨, સૌ.યુનિ. રાજકોટ.-૩૬૦૦૦૫**

**નકલ રવાના:**

**(૧) સૌ.યુની. સલગ્ન કોલેજના આચાર્યશ્રી/ યુનીવર્સીટી સ્થિત અનુ.ભવનના અધ્યક્ષશ્રીઓ/સબંધિત અનુ.સંસ્થાનાઓના વડાઓ તરફ......**

**નકલ રવાના: (જાણ સારૂ તથા યોગ્ય થવા અર્થે)**

૦૧. માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૦૨. હિસાબ / ઓડીટ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૦૩. પરીક્ષા વિભાગ – ૦૧, ૦૩, ૦૪, ૦૫, પરીક્ષા સેલ તથા પરીક્ષા કોમ્પ્યુટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ